Name :- patel Divya A.

Roll no :- 161

subject :- Economics

paper name :- Banking & finance

paper code :- 102

PRN No :- COC2025161

patel Divya A. P.D.A.

Q- વિશિષ્ટ પ્રકારના ગ્રાહકો વિશે વિસ્તૃત નોંધ લખો.

નાના ગ્રાહકો :-

નાના કોણ છે? :-

ભારતમાં ૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને કાયદા હેઠળ 'નાના' કહેવામાં આવે છે.

- નાના વ્યક્તિ પોતાના નામે કરાર કરી શકતા નથી, એટલે બેન્ક ખાતું પણ પોતાના નામે એકલા ચલાવી શકતા નથી.

નાનાનું બેન્ક ખાતું કેવી રીતે ખોલાય? :-

- ખાતું નાનાના નામે ખોલાય પણ તેના માતા-પિતા કે કોર્ટ દ્વારા નિમાયેલ ગાર્ડિયનની સાથે ખોલવું પડે.
- ખાતાનું નામ લખાય આ રીતે :-
- 'માસ્ટર રાહુલ શાહ (નાના) દ્વારા ગાર્ડિયન શ્રીમતી પાર્વતીબેન શ
- અથવા 'મિસ કિશરી પટેલ (Minor) by father & Natural Guardian shri Maheshbhai patel."

18 વર્ષ પૂરા થાય ત્યારે શું થાય?

- જ્યારે નાની વ્યક્તિ 18 વર્ષની થાય છે :-
- બેન્ક તેને પત્ર લખે છે કે "હવે તમે પુખ્ત થયા છો, નવું KYC કરા
- નવી સહી આપવી પડે.
- જૂનું ખાતું બંધ કરીને નવું ખાતું ખોલવામાં આવે અથવા જૂનું ખાતું જ પુખ્ત ખાતામાં ફેરવાય.
- હવે ગાર્ડિયનની જરૂર નથી, બધું પોતે ચલાવી શકે.

મહત્વના નિયમો :-

- નાના પોતે લોન લઈ શકતા નથી.
- નાના બીજાને લોન આપવાની ગેરંટી આપી શકતા નથી.

patel Diya A.

P.D.A

- નાના નોમિની તો બની શકે છે. પણ પૈસા ૧૮ વર્ષ પછી જ મળે
- આ રીતે બેંકો નાના ગ્રાહકોના હિતોનું રક્ષણ કરે છે અને કાયદાનું પણ પાલન કરે છે.

## ૨) અભણ ગ્રાહકો :-

અભણ વ્યક્તિ કોણ છે ? :-

- જે વ્યક્તિ વાંચી-લખી શકતા નથી અને પોતાનું નામ પણ લખી શકતા નથી, તેને બેંકિંગમાં 'Illiterate person' કહેવામાં આવે છે. આવી વ્યક્તિ સહી કરવાને બદલે અંગૂઠાનો ટીપો આપે છે.

અંગૂઠાના ટીપાના નિયમો

- પુરુષ - ડાબા હાથનો અંગૂઠો
- સ્ત્રી - જમણા હાથનો અંગૂઠો
- ટીપું લીધા પછી બેંક કર્મચારી લખે છે. 'Left Thumb Impression of Shri Ramabhai Patel' અથવા Right Thumb Impression of Smt. Kantaben Desai.'

ખાતું ખોલવાની પ્રક્રિયા :-

- ફોટો જરૂરી (ખાતું ખોલવાના ફોર્મ પર અને SS card પર)
- ઓળખમાં ઓછા ૨ સાક્ષીઓ જરૂરી છે જે લખતાં-વાંચતા હોય
- વીડિયો KYC પણ કરાવી શકાય

## ૩) અંધ ગ્રાહક :-

- અભણ વ્યક્તિથી બિલકુલ અલગ - અંધ વ્યક્તિને બેંકમાં સંપૂર્ણ સ્વતંત્ર ગ્રાહક માનવામાં આવે છે, કારણ કે :-

P.D.A.

Patel Divya A.

- તે વાંચી - લખી શકે છે. (બ્રેઈલમાં)
- તે સહી કરી શકે છે.
- કાયદા હેઠળ તેની ક્ષમતા પૂર્ણ છે.
- RBI ની સ્પષ્ટ સૂચના છે : અંધ વ્યક્તિઓ સ્વતંત્ર રીતે બેંક ખાતા ખોલવા અને ચલાવવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

ખાતું ખોલવાની પ્રક્રિયા :-

- સામાન્ય ગ્રાહક જેવું જ ફોર્મ ભરાય છે.
- સહી પોતે જ કરે છે
- ફોટો અને KYC નોર્મલ
- જો વ્યક્તિ બ્રેઈલમાં લખી-વાંચી શકતી હોય તો બ્રેઈલ ફોર્મ પણ આપવામાં આવે છે.

ઉદાહરણ :-

૫૫ વર્ષના શાંતાબેન (અંધ મહિલા) SBI માં FD કરાવે છે. → પોતે જ સહી કરે છે → તેમની પાસબુક બ્રેઈલમાં છપાવી આપવામાં આવે છે → વ્યાજના પૈસા તેમના ખાતામાં આવે છે, તેઓ ટોકિંગ ATM માંથી ઉપાડે છે.

4) પરિણીત મહિલા ગ્રાહક :-

આજે પરિણીત મહિલા 100% સ્વતંત્ર ગ્રાહક છે. તે પોતાના નામે ખાતું ખોલી શકે, ચલાવી શકે, લોન લઈ શકે, લોકર લઈ શકે - બધું જ! પતિની પરવાનગી કે સહીની જરૂર નથી.

ખાતું કેવી રીતે લખાય છે?

આજે 95% મહિલાઓ પોતાના નામે જ ખાતું ખોલાવે છે.

| ખાતાનું નામ લખવાની રીત | ઉદાહરણ | ક્યારે વપરાય છે? |
| --- | --- | --- |
| માત્ર પોતાના નામે | Smt. Priyanka R. Shah | સૌથી વધુ વપરાતું |
| પતિના નામ સાથે | Smt Priyanka W/o Rajeshbhai Shah | ગામડે કે જૂની મહિલાઓ પસંદ કરે છે. |
| મંગળસૂત્ર નામ | Smt Priyanka Rajeshkumar Shah | ગુજરાત - રાજસ્થાનમાં લોકપ્રિય. |

ઉદાહરણ :-

હાઉસવાઇફ 32 વર્ષની નેહાબેન ઘરે જ છે, પતિ વિદેશમાં છે. તેમણે SBI માં ₹50 લાખનું હોમ લોન લીધું છે. → ખાતું નામ :- Smt. Neha R. Patel → લોન પોતાના નામે, પતિની સહીની જરૂર નહીં, - મહિને EMI પોતે ભરશે

## 5) પાગલ / માનસિક રીતે અસ્વસ્થ

1) કાયદાકીય સ્થિતિ :-

ભારતીય કરાર કાયદો કહે છે :- જો વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ નથી અને વસ્તુની સમજ નથી તે કરાર કરી શકતો નથી. એટલે તેનું બેન્ક ખાતું એકલું ચલાવી શકાય નહીં અને નવું ખાતું પણ ખોલી શકાય નહીં.

2) બેન્કને 'જાણ' થાય તો શું થાય ?

જો બેન્કને ખબર પડે કે ગ્રાહક માનસિક રીતે અસ્વસ્થ છે તો બેન્ક તરત જ ખાતું ફ્રીઝ (બંધ) કરી દે છે. ન તો જમા ન તો ઉપાડ.

Patel Divya A. D.D.A.

## 6. જોઈન્ટ ખાતું અને તેના પ્રકારો :-

જોઈન્ટ ખાતું શું છે ?

- એક જ ખાતું જેમાં બે કે તેથી વધુ વ્યક્તિઓનું નામ હોય અને તેઓ બધા માલિક હોય. સૌથી વધુ પતિ-પત્ની, માતા-પિતા-દીકરો, ભાઈ-ભાઈ, બિઝનેસ પાર્ટનર વપરાય છે.

જોઈન્ટ ખાતાના મુખ્ય 4 પ્રકાર

| પ્રકાર | કોણ ચલાવી શકે? | મૃત્યુ પછી શું થાય ? |
|---|---|---|
| 1. Either or survivor<br>સૌથી વધુ પ્રચલિત | બંનેમાંથી કોઈ એક પણ ચલાવી શકે | બાકીની વ્યક્તિને આખું ખાતું મળી જાય છે. |
| 2. Anyone or survivor<br>બધા કે એક પણ | બધા કે એક પણ ચલાવી શકે | બાકી રહેલા સર્વાઇવરને મળે |
| 3. Jointly / Jointly operated<br>બધાએ સાથે મળીને | બધાની સહી જરૂરી | મૃત્યુ પછી પણ બધાની સહી જરૂરી રહે. |
| 4. Former or survivor<br>પહેલા વ્યક્તિ મુખ્ય | માત્ર પહેલી વ્યક્તિ ચલાવે, બીજુ નહીં | પહેલી વ્યક્તિ મરે તો બીજાને મળે. |

## 7) પાર્ટનરશિપ ફર્મ ગ્રાહક :-

1. પાર્ટનરશિપ ફર્મ શું છે ?

બે કે તેથી વધુ વ્યક્તિઓએ મળીને બિઝનેસ ચલાવવા માટે બનાવેલી સંસ્થા. ભારતમાં આ Indian Partnership Act, 1932 હેઠળ ચાલે છે.

patel Divya A. P.D.A.

2. બેન્કમાં ખાતું કેવી રીતે ખોલાય ?

| | |
|---|---|
| ખાતાનું નામ લખાય છે. | ઉદાહરણ |
| ફર્મના નામે | M/S. Shreeji Traders |
| અથવા | M/S. Patel Brothers |

(M/S. = Messers = પાર્ટનરશિપ ફર્મનું ચિહ્ન)

ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ (ફરજિયાત)

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| પાર્ટનરશિપ ડીડ | નોટરી કરાવેલી કોપી જોઈએ. |
| ફર્મનું PAN કાર્ડ | ફર્મના નામે જ હોવું જોઈએ. |
| GST સર્ટિફિકેટ (જો લાગુ હોય) | |
| Shop Act / MSME / Udyam રજિસ્ટ્રેશન | |
| બધા પાર્ટનરનું KYC | |
| Authority Letter | કોણ ખાતું ચલાવશે તે લખેલું હોવું જોઈએ |
| ફર્મની રજિસ્ટર્ડ ઓફિસનો પુરાવો. | લાઈટબિલ / રેન્ટ એગ્રીમેન્ટ |

4. હિન્દુ અવિભાજિત કુટુંબ ગ્રાહક

HUF શું છે ?

- હિન્દુ, જૈન, શીખ અને બૌદ્ધ કુટુંબ માટે જ છે.
- એને અલગ "કાનૂની વ્યક્તિ" માનવામાં આવે છે.
- આમાં પૈતૃક મિલકત + કુટુંબની કમાણીનો ઉમેરો થાય છે.
- ટેક્સ રિટર્ન અલગ ભરાય છે, PAN અલગ હોય છે.

patel Divya A.                                    P.D.A.

## ખાતું ખોલવા માટે જરૂરી દસ્તાવેજ

| દસ્તાવેજ | નોંધ |
|---|---|
| HUF નું PAN કાર્ડ | HUF ના નામે જ હોવું જોઈએ. |
| HUF ડીડ | નોટરી કરાવેલી અથવા સ્ટેમ્પ પેપર પર |
| કર્તાનું KYC | |
| બધા કોપાર્સનર્સની લિસ્ટ | (કર્તા, પત્ની, દીકરા-દીકરીઓ, પૌત્ર-પૌ |
| જન્મતારીખ કર્તાની ઓળખાણ | કે તે કર્તા છે અને કુટુંબ અવિભાજિત છે. |
| બેન્કનું પોતાનું HUF ફોર્મ | SBI, HDFC, ICICI, Axis બધી બેન્કોમાં છે. |